ગાંધીનગર મને ગમે છે...



- વાગ્મિન બૂચ
(પૂર્વ મેમ્બર, ગુજરાત સીવીલ સર્વિસ ટ્રિબ્યુનલ, પ્રમુખ, શિવરંજની)

ગ્રીન, ક્લીન અને પહોળા રસ્તાઓથી શોભતુ ગાંધીનગર પરદેશના શહેરોની હરિફાઈ કરે એવું હવે વિકસ્યું છે. એમાં છેલ્લા બે દાયકાથી ''સરકારી નગરી''માંથી ''સાંસ્કૃતિક નગરી'' ભણી હરણફાળ ભરીને આ શહેર સુરીલુ અને ધબકતું બન્યું છે.

ગાંધીનગરની સૌથી મોટી સ્ટ્રેન્થ અને એના બગીચાઓ લાગે છે. સ્વર્ણીમ પાર્ક, સરિતાઉદ્યાન, સેક્ટર-૧ ગાર્ડન, પુનિતવન વગેરે ખુબ વિશાળ-થીમ બેઝડ બગીચાઓ ઉપરાંત હવે તો નવા સેક્ટરોની અંદર પણ છેલ્લા બે વર્ષમાં સુંદર બગીચાઓ વિકસ્યા છે અને એનું મેઈન્ટેન્સ પણ સરસ થાય છે. એટલે ગાંધીનગરને ''ગાર્ડન સીટી''નું બિરૂદ આપી શકાય.

૧૯૭૧માં ગાંધીનગરમાં પિતાશ્રી ભાષા નિયામક નિમાયા એટલે આવ્યા. ઉજ્જડ જેવું, સગવડોનો ખુબ અભાવ, ચીજવસ્તુ મળે નહી, સીટી બસ સચિવાલય સુધી જ ચાલતી, સાવ નાના પાયા પર સીવીલ હોસ્પિટલ વગેરે વગેરે અનેક તકલીફોમાંથી પસાર થતાં હવે ૫૦ વર્ષથી વધુ વહાણા વાઈ ગયાં. દરેક દસકે સવલતો વધતી ગઈ અને આજે એક કમ્લીટ સીટી તરીકે વિકસ્યું છે. પણ એ માટે ૫૦ વર્ષની યાત્રા કંઈ નાની ન કહેવાય. આમ છતાં, આવું જ નગર ''ચંદીગઢ'' સાથે સરખાવીએ તો કમને પણ કહેવું પડે છે કે ચંદીગઢ વધુ સારૂ વિકસીત થયું છે. એ પ્રમાણમાં ગાંધીનગર એટલું કોમર્શીયલી ધબકતું જણાતું નથી. ઈલોક્ટ્રોનીક ઝોન શરૂમાં ઠીક ઠીક ચાલ્યો પણ પછી એવી ગની ગતિ સાવ મંદ થઈ ગઈ. પરિણામે ગાંધીનગર એક મોટા ટાઉનશીપ જેવું બની રહ્યું. અલબત્ત, હવે રાયસણ, કુડાસણ અને સરગાસણ સારી એવી પ્રગતિના પંથે છે અને ત્યાં ''ન્યું ગાંધીનગર'' ઝડપથી વિકસી રહ્યું છે. હવે કદાચ એકથી ૩૦ સેક્ટરો જુનુ ગાંધીનગર અને ઉપર જણાવેલા વિસ્તારો ન્યુ-યંગ ગાંધીનગર એવા ભાગ પડી ગયા છે.

હવે ગાંધીનગરમાં સીનેમા થીયેટરો, રેસ્ટોરન્ટ વગેરે થઈ ગયાં છે તેમ છતાં યુવા પેઢીને ગાંધીનગર ડુલ લાગે છે. એનું એક કારણ ચંદીગઢ જેવું કોમર્શીયલી વિકસીત નથી થયું એ પણ હોઈ શકે.

તદ્દન નવુ અને મોર્ડન સીટી બનાવ્યું હોવા છતાં કેટલીક કાયમી તકલીફો રહી ગઈ છે. એમાં સાવ નાના પ્લોટ ફાળવવાને કારણે સેક્ટરોમાં મોર્ડન મોમ જેવી સ્થિતિ થઈ ગઈ છે. બે ઘર વચ્ચે સાવ ઓછી જગ્યા અને બે ગાડી સામ સામે પસાર કરવી મુશ્કેલ બને છે.

ગાંધીનગર સાંસ્કૃતિક પ્રવૃત્તિના હબ ઉપરાંત શૈક્ષણિક સંસ્થાઓનું પણ સેન્ટર બન્યું છે. આઈ.આઈ.ટી. થી માંડીને અનેક યુનિવર્સિટીઓ, કોલેજો, સ્કૂલો વિકસી છે. અને કલગી પર છોગાં સમાન ''ગીફ્ટ સીટી અને મહાત્મા મંદિર'' બન્યા છે.

અલબત્ત અંગત રીતે તો રળીયામણા અને શાંત ગાંધીનગરમાં રહેવાની હવે એવી આદત પડી ગઈ છે કે અમદાવાદ જેવા શહેરમાં એના ટ્રાફિક અને ધુમાડામાં બે દિવસ રહેવું આકરૂ પડે છે.

ગાંધીનગરના 'ઘરના વરંડામાં હિંચકે બેસી કોફીની ચુસ્કી માણો અને સતત પક્ષીઓનો કલરવ આલ્હાદક વાતાવરણ જન્માવે ત્યારે રમેશ પારેખ સાર્થક થાય -

''તારો વૈભવ રંગમહેલ,
નોકર ચાકરનું ધાડું,
મારે ફળિયે ચકલી બેસે
એજ મારૂ રજવાડું''

સે-૨૩ ગુરૂકુલ ખાતે ધોરણ.૧૦-૧૨ના વિદ્યાર્થીઓને શિક્ષણમંત્રીએ શુભેચ્છા પાઠવી

ગાંધીનગર, તા. ૨૮

વિદ્યાર્થીઓના મનમાં પરીક્ષાના સમયે અસમંજસની સ્થિતિ હોય છે. તેમજ મા-બાપ, સગા-વ્હાલાઓની અપેક્ષાનો ભાર પણ વિદ્યાર્થીઓ પર હોય છે. આ સમયે વિદ્યાર્થીઓને આત્મવિશ્વાસ સાથે પરીક્ષા આપવાનો અનુરોધ રાજયના શિક્ષણમંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીએ ગાંધીનગરના સેકટર-૨૩ ખાતેની સ્વામિનારાયણ ગુરૂકુળ શાળામાં વિદ્યાર્થીઓને શુભેચ્છા આપવા આવ્યા ત્યારે જણાવ્યું હતું.

શિક્ષણમંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીએ વધુમાં જણાવ્યું હતું કે, દરેક વિદ્યાર્થીઓએ ભારમુક્ત થઈ પરીક્ષા આપવી જોઈએ. શું થશે, મને નહિ આવડે તો, પરીક્ષા પ્રશ્નપત્ર કેવું નીકળશે તેવી અનેક પરિસ્થિતિમાં શાંત મન રાખી પરીક્ષા આપવી જોઈએ. તેમણે કહ્યું હતું કે, ભગવાન શ્રી કૃષ્ણએ પણ કહ્યું છે કે, આત્મવિશ્વાસ ડગે છે, ત્યારે આંતરિક શક્તિ ક્ષીણ થતી હોય છે. તે માટે આત્મવિશ્વાસ પરીક્ષા દરમિયાન બનાવી રાખવો ખૂબ જરૂરી છે. જે વાંચ્યું છે તેમાં વિશ્વાસ રાખી પરીક્ષા આપવા પણ જણાવ્યું છે. વાલીઓને નમ્રભાવે વિનંતી કરતા મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું છે કે, વિદ્યાર્થીઓ સહજતાથી અને સરળતાથી પરીક્ષા આપે તેવું વાતાવરણ ઉભું કરવું ખૂબ જરૂરી છે. કેરિયરની ચિંતા વાલીઓને હોય છે, પણ તેનો ભાર વિદ્યાર્થીઓને ન આપવા અને આત્મવિશ્વાસ વધે તેવી હૂંફ આપવા જણાવ્યું હતું.

ગાંધીનગરના કલાકારોનું નાટ્યસ્પર્ધામાં ઉત્કૃષ્ટ પ્રદર્શન

ગાંધીનગર, તા.૨૭

તાજેતરમાં ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી દ્વારા વડનગર ખાતે આયોજિત એકાંકી નાટ્ય સ્પર્ધામાં ગાંધીનગરના કલાકારોએ ઉત્કૃષ્ટ પ્રદર્શન કરીને પ્રેક્ષકોનાં દિલ જીતી લીધાં. ગાંધીનગરની જાણીતી નાટ્ય સંસ્થાઓ 'બ્લૂ બબલ્સ એકેડેમીલ્લ તથા 'એમ.પી.આર્ટ લવર્સલ્લ ના નેજા હેઠળ અનુક્રમે 'મમતાલ્લ તેમજ 'ળ ને કંઈ નહીં રલ્લ નાટકો સ્પર્ધામાં પ્રસ્તુત કરવામાં આવ્યાં. જેમાં 'મમતાલ્લમાં શહેરના યુવા કલાકાર મૌન સાધુને તેમના ઉત્કૃષ્ટ અભિનય માટે બેસ્ટ એકટર (દ્વિતીય) ના એવોર્ડથી નવાજવામાં આવ્યા. અત્રે ઉલ્લેખનીય છે કે બંને નાટકો 'ગાંધીનગર સમાચાર લ્લનાં કોલમિસ્ટ ડો. મમતા બુચ દ્વારા લખવામાં આવ્યાં હતાં. 'ળ ને કંઈ નહીં રલ્લ નું દિગ્દર્શન પણ તેમણે સંભાળ્યું હતું. જ્યારે 'મમતાલ્લ નું દિગ્દર્શન શહેરના જાણીતા નાટ્યકાર કુંતલ નિમાવત દ્વારા કરવામાં આવ્યું હતું. ઉપરોક્ત નાટકોમાં શહેરના કલાકારો મૌન સાધુ, રૂત્વા જોશી, દર્શન છાયા, નિયતિ શાહ, સાહિલ ચૌહાણ, મેઘરાજ ચૌધરી, જયનલ રાવલ, પરમ શુક્લ તથા ડો. મમતા બુચ દ્વારા અભિનયનાં અજવાળાં પાથરવામાં આવ્યાં હતાં.

મહર્ષિ અરવિંદની ૧૫૦મી જન્મજયંતિ વર્ષની ઉજવણી નિમિત્તે સુગમ અને શાસ્ત્રીય ભક્તિગીતોનો કાર્યક્રમ

ગાંધીનગર, તા.૨૭

સ્વાતંત્ર્યસેનાની, યોગસાધક, લેખક, કવિ, વકતા, ધર્મપ્રચારક, દાર્શનિક અને ચિંતક એવા શ્રી અરવિંદ ઘોષ કે જેઓ મહર્ષિ અરવિંદ તરીકે વધારે પ્રચલિત છે તેમની ૧૫૦મી જન્મજયંતી સમગ્ર ભારત અને ભારત બહાર પણ ઉજવાઈ રહી છે. સમગ્ર વર્ષને ઉજવણીના વર્ષ તરીકે વિવિધ સંસ્થાઓ ઉજવી રહી છે. આ ઉપક્રમનો સંયોગ ભારતની આઝાદીના ૧૫૦ માં વર્ષ એટ્લે કે અમૃત વર્ષ સાથે થયો છે. આ બંને ઉપક્રમે ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી અને ગાંધીનગરની સાંસ્કૃતિક સંસ્થા વરેન્યમ ફાઉન્ડેશન, શ્રી અરવિંદ કેન્દ્રના પરિસરમાં એક સુંદર જાહેર કાર્યક્રમનું કર્યું છે.

આજે ૨૯ માર્ચે રાત્રે ૮.૩૦ કલાકે રજૂ થનાર આ કાર્યક્રમમાં ગાંધીનગર અને અમદાવાદનાં પ્રસિદ્ધ કલાકારોસર્વશ્રી પિનાકીન ભાઈ વ્યાસ અને તેમની રાહબરી હેઠળ શ્રી પિનાકીનભાઈ વ્યાસ, પ્રગ્નેશ પટેલ, યથાથ ધોળકિયા, દિવ્યા પારેખ અને વૃંદા વ્યાસ સમૂહગાયન રજૂ કરશે તો અમદાવાદ પ્રખ્યાત ગાયક, સંગીતકાર શ્રી નરેન્દ્ર શાસ્ત્રી અને ગુજરાતની પ્રસિદ્ધ ટીવી સ્પર્ધા સા રે ગા માનાં વિજેતા સુશ્રી રિષ્ધિ આચાર્ય વોરા સુગમસંગીત અને શાસ્ત્રીય સંગીત આધારિત વિવિધ રચનાઓ રજૂ કરશે. આ પ્રસંગે શ્રી અરવિંદ દર્શનશાસ્ત્રનાં ગહન અભ્યાસુ અને પ્રસિદ્ધ વક્તા શ્રી જ્યોતિબેન થાનકી શ્રી માંનાં જીવનકવન વિશે વાત કરશે. સમગ્ર કાર્યક્રમ જે પરિસરમાં થઈ રહ્યો છે તેના પ્રમુખ ડો. ચંદ્રકાંત તન્ના પણ આ પ્રસંગે વક્તવ્ય આપશે.

કાર્યક્રમનાં વાદ્યવૃંદમાં શ્રી હિમાંશુ ગાયકવાડ કીબોર્ડ પર, શ્રી ઉમેશ માંડલિયા ઢોલક પર, શ્રી જયેશ તપોધન તબલા પર, શ્રી કિરીટ ઠક્કર વાયોલિન પર અને વનરાજ ધમનવાલા વાયોલિન પર સાથે આપશે.

કઠોળના ભાવમાં પ્રતિ કિલો રૂ. ૨૦ થી ૪૦નો વધારો

લ્યો... કઠોળના ભાવ પણ વધ્યા

મોંઘવારીનો માર : લીલા શાકભાજી અને કઠોળના ભાવ આસમાને : લાલ મરચાના ભાવમાં રૂ. ૮૦ થી ૧૦૦ રૂ.નો વધારો : ગૃહિણીઓના બજેટ ખોરવાયા

ગાંધીનગર, તા. ૨૮

શહેરમાં એક બાદ એક ચીજવસ્તુઓના ભાવમાં વધારો થઈ રહ્યો છે. શાકભાજી, કઠોળ, તેલ ઉપરાંત ખાંડના ભાવમાં વધારો ઝીંકાયો છે. લીલા શાકભાજીના ભાવ આસમાને પહોંચી જતા ગૃહિણીઓએ કઠોળ ખાવાનું ચાલું કર્યુ હતુ. તેવામાં કઠોળના ભાવમાં પ્રતિ કિલોએ રૂપિયા ૨૦ થી ૪૦ સુધીનો વધારો થયો છે. જેના લીધે રસોડાના મેનુમાંથી કઠોળ ખાવાનું ગાયબ થઈ જાય તેવી પરિસ્થિતિ થઈ ગઈ છે. આ સાથે ખાદ્યતેલના ભાવમાં પણ વધારો થતા સ્ટ્રીટ ફૂડમાં મળતા શાક-પૂરીના ભાવ વધી જવા પામ્યા છે, જેમાં ૭૦ રૂપિયા ડિશ હવે ૯૦ રૂપિયાના ભાવમાં મળી રહી છે. ત્યારબાદ ૩૩ રૂપિયા કિલો મળતી ખાંડના ભાવ રૂપિયા ૪૩ કરીને ચા પીવી પણ શહેરીજનો માટે મોંઘુ પડી રહ્યું છે. ખાણી-પીણીના ભાવોમાં વધારો થઈ જવા છતા અન્ન અને નાગરિક પુરવઠા વિભાગના અધિકારીઓ કુંભકર્ણની નિંદ્રામાં રહેતા હોવાથી છેલ્લા ઘણા સમયથી કેટલાક લેભાગુ તત્વો કઠોળ, ખાદ્યતેલ અને શાકભાજીમાં કૃત્રિમ ભાવ વધારો કરીને વેચી રહ્યા છે. જેના કારણે ગૃહિણીના બજેટ ઉપર સીધી અસર જોવા મળી છે.

હવે ચાની ચૂસ્કી મોંઘી બની

ખાંડ, ચા પત્તી, દૂધના ભાવો વધેલા હોવાથી કટીંગ ચાના પણ ભાવમાં વધારો કરી દેવામાં આવ્યો છે. સામાન્ય દિવસોમાં અડધી ચાનો ભાવ રૂ. ૧૦ અને આખી ચાનો ભાવ રૂ. ૨૦ કપ મળતી હતી. જે અત્યારે રૂ. ૧૨ ની અડધી અને રૂ. ૨૪ની આખી ચા કરી દેવામાં આવ્યો છે. જ્યારે કેટલીક જગ્યાએ રજવાડી ચા માટલીમાં આપીને રૂ. ૨૫ લઈ રહ્યા છે. આ ઉપરાંત ચાના કપનો ભાવ પણ તેમાં ગણવામાં આવતો હોય છે. આમ, ચા પત્તી, ખાંડ અને દૂધના ભાવમાં વધારો થયો હોવાથી ચા પીવી મોંઘી બની રહી છે.

ફાફડા, પાપડી, ગાંઠિયાના ભાવ વધ્યા

ચણાના લોટના ભાવ અને તેલના ભાવ વધવાથી ફરસાણના ભાવ આસમાને છે. સામાન્ય દિવસોમાં ચોળાફળી રૂ. ૨૦૦ કિલો મળતી હતી તેના ભાવ વધીને રૂ. ૪૫૦ થી વધુ થયો છે. જ્યારે ફાફડા, વણેલા ગાંઠિયા રૂ. ૪૦૦ થી ૫૪૦ રૂ. કિલો લેખે વેચાય છે. નાયલોન ખમણ રૂ. ૨૦૦ માં વેચાય છે. ઉપરાંત વાટીદાળ ખમણ રૂ. ૨૨૫ થી ૨૬૦ રૂ. કિલો વેચાય છે. મોટાભાગે ફરસાણમાં ચણાનો લોટ વાપરવામાં આવતો હોય છે. એમાંય કેટલાક લેભાગુ વેપારીઓ ચણાના લોટમાં મકાઈ અને વટાણાનો લોટનો ઉપયોગ કરીને ગ્રાહકોને છેતરી રહ્યાં છે.

લાલ મરચામાં કિલોએ રૂ. ૧૦૦ સુધીનો વધારો

લીલા મરચાં સામાન્ય દિવસોમાં રૂ. ૨૦ ના કિલો મળતા હતા. જે છેલ્લા ઘણા સમયથી રૂ. ૧૨૦ના કિલો મળી રહ્યા છે. જેના લીધે લાલ મરચાના ભાવોમાં રૂ. ૮૦ થી રૂ. ૧૦૦નો વધારો થઈ ગયો છે. લાલ મરચું, દાળ અને શાકમાં દરરોજ ઉપયોગમાં લેવાતુ હોય છે. ગૃહિણીઓ પણ લાલ મરચાંની સીઝન ચાલુ થતા તેની ખરીદી કરવા નીકળે છે પરંતુ મોંઘવારીને કારણે મરચાને ખરીદવામાં પણ મુશ્કેલીઓ થઈ રહી છે. મધ્યમ વર્ગ અને ગરીબ વર્ગ પરિવારોમાં મોંઘવારીએ મુશ્કેલીઓ પેદા કરી છે.

લીંબુના ભાવ રૂ. ૧૮૦ પહોંચી ગયા

સામાન્ય દિવસોમાં લીંબુ રૂ. ૪૦ કિલો મળતા હતા. પરંતુ ઉનાળાની શરૂઆત થતાની સાથે અચાનક બજારમાં લીંબુની આવક ઓછી થઈ જતા રૂ. ૧૩૦ કિલો હોલસેલમાં મળી રહ્યા છે. જ્યારે છુટક લીંબુ પ્રતિ કિલો રૂ. ૧૮૦ થી રૂ. ૨૦૦ માં મળી રહ્યા છે.

સિનિયર સિટીઝન કાઉન્સીલ, વિસનગરમાં મિડિયેશન-મધ્યસ્થતા વિષય પર વ્યાખ્યાન યોજાયું

ગાંધીનગર, તા. ૨૮

સિનિયર સીટીઝન કાઉન્સીલ-વિસનગર દ્વારા ગાંધીનગર કોર્ટમાં સેવા આપતા પી.એલ.વી. મિડિયેટર-મધ્યસ્થકાર સુધીર દેસાઈનું એક વક્તવ્યનું આયોજન કરવામાં આવ્યું તેમાં દેસાઈએ મિડિયેશન-મધ્યસ્થા એટલે કે કોર્ટમાં દાખલ અમુક કેસોનું કોર્ટ બહાર પણ કાયદેસરનું સમાધાન કેવી રીતે થઈ શકે તે વિસ્તારપૂર્વક સમજાવ્યું હતું. કાઉન્સીલના સેવાભાવી સમાજસેવી પ્રમુખ ડૉ. ઝવેરીએ સ્વાગત પ્રવચનમાં સંસ્થાની વિવિધ પ્રવૃત્તિઓ વિશે માહિતી આપતા એક પ્રેરણા લેવા જેવો ઉલ્લેખ કર્યો કે અત્યાર સુધીમાં સભ્યોને લગભગ ૧૨૫ જેટલાં પુસ્તકો ભેટ સ્વરૂપે આપવામાં આવેલ છે. સભામાં ઉપસ્થિત ૧૫૦ જેટલા સિનિયર સિટીઝનોને વક્તવ્ય બાદ પ્રશ્નોત્તરીમાં ઉત્સાહભેર ભાગ લીધો હતો.

મગોડી પી.આર. ઠક્કર વિદ્યાવિહાર પરીક્ષા કેન્દ્ર પર પરીક્ષાર્થીઓનું સ્વાગત કરાયું

ચિલોડા, તા. ૨૮

ધોરણ-૧૦ની બોર્ડની પરીક્ષામાં મગોડી સ્થિત પી.આર. ઠક્કર વિદ્યાવિહાર એસ.એસ.સી. કેન્દ્ર ખાતે પરીક્ષાર્થીઓને ગુલાબનું ફૂલ અને ચોકલેટ આપી સ્વાગત કરવામાં આવ્યું હતું. મગોડી તેમજ ચિલોડા ગામના આગેવાન દ્વારા પરીક્ષાર્થીઓનું સ્વાગત કર્યા બાદ શુભેચ્છાઓ અપાઈ. બે વર્ષ બાદ ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ની શરૂ થયેલી બોર્ડ દ્વારા પરીક્ષાનો શુભારંભ થયો ત્યારે મગોડી એસ.એસ.સી. કેન્દ્ર ખાતે પરીક્ષાના પ્રથમ દિવસે ગામના આગેવાન ગિરીશભાઈ પટેલ, પંકજભાઈ પટેલ અને ચિલોડા ગામના જૈમિનભાઈ પટેલે પરીક્ષાર્થીઓને સવારે ૯ વાગે ગુલાબનું ફૂલ અને ચોકલેટ આપી સ્વાગત કરવામાં આવ્યું હતું અને શુભેચ્છાઓ પાઠવી હતી. શરૂ થયેલી પરીક્ષા પૂર્વે વિદ્યાર્થીઓમાં ઉત્સાહ જોવા મળી રહ્યો હતો.

વિદ્યાર્થીઓમાં સમૂહ ભોજન સાથે સમૂહ ભાવ પેદા થાય છે

રાજયની નવ મહાનગરોની શાળાઓમાં ૨૯મી માર્ચથી મધ્યાહ્ન ભોજન યોજનાનો આરંભ

શિક્ષણમંત્રી જીતુભાઇ વાઘાણીના હસ્તે ગાંધીનગરના બોરીજ ખાતેથી આ યોજનાનો પ્રારંભ કરાવવામાં આવશે

ગાંધીનગર, તા. ૨૮

રાજયની તમામ શાળાઓમાં આગામી ગુરૂવારથી મધ્યાહ્ન ભોજનનો આરંભ કરવામાં આવશે. આવતીકાલથી રાજયના ૯ સ્થળોએ મધ્યાહ્ન ભોજનની શરૂઆત કરવામાં આવશે. શિક્ષણમંત્રી જીતુભાઈ વાઘાણીના હસ્તે ગાંધીનગરના બોરીજ ખાતેથી આ યોજનાનો પ્રારંભ કરાવવામાં આવશે.

મધ્યાહ્ન ભોજન પ્રારંભની વાત કરતા શિક્ષણમંત્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે મધ્યાહ્ન ભોજન થકી વિદ્યાર્થીઓમાં સમૂહ ભોજન સાથે સાથે સમૂહ ભાવ પેદા થાય છે. આ યોજના કોરોનાકાળના કારણે તા. ૧૬મી માર્ચ, ૨૦૨૦ થી તમામ શાળાઓમાં શાળામાં બંધ કરવામાં આવી હતી.

તેમણે ઉમેર્યું હતું કે કોરોનાકાળના સમય દરમિયાન શાળાના વિદ્યાર્થીઓને તેમના હક્કના ભોજનના નાણાં આજદિન સુધી ૧૩૦૦ કરોડ રૂપિયાની રકમ જમા કરાવવામાં આવ્યા છે. સાથે સાથે ૨ લાખ ૨૬ હજાર મેટ્રિક ટન અનાજ પણ કેન્દ્રની યોજના છે. જે આજદિન સુધી આપવામાં આવી રહી છે. આ વ્યવસ્થા અન્ન અને નાગરિક પુરવઠા દ્વારા કરવામાં આવે છે.

તેમણે જણાવ્યું હતું કે વિદ્યાર્થીઓના હિતમાં મક્કમતાથી શાળાઓ શરૂ કરવાની રાજય સરકારે પહેલ કરી છે. તેમજ ઓનલાઈન શિક્ષણ બંધ કરીને ઓફલાઈન શિક્ષણનો આરંભ કરવામાં આવ્યો છે. જેથી વિદ્યાર્થીઓ પોતાની વાર્ષિક પરીક્ષા આપવાના છે.

તેમણે જણાવ્યું હતું કે શાળાઓ શરૂ થઈ છે તેની સાથે મધ્યાહ્ન ભોજનની સુવિધા પણ આવતીકાલ તા. ૨૯મી માર્ચ, ૨૦૨૨ના રોજથી અમદાવાદ, રાજકોટ, ભાવનગર, ભૂજ, વડોદરા, જામનગર, નવસારી, સુરત અને ગાંધીનગર ખાતે આ યોજનાનો આરંભ શાળાઓમાં થશે. તેમજ તમામ રાજયની શાળાઓમાં આગામી ગુરૂવારના રોજની આ યોજનાનો આરંભ કરવામાં આવશે. આ યોજનાની સુચારું વ્યવસ્થા માટે સરકારના હિતમાં માત્ર પાંચ દિવસના આ સમગ્ર પ્રક્રિયાની ટેન્ડરની કામગીરી પૂર્ણ કરવામાં આવી છે.

મધ્યાહ્ન ભોજનની સુચારું વ્યવસ્થા ઉભી કરવા સતત પ્રયત્નશીલ રાજયના કર્મનિષ્ઠ અધિકારીઓ અને કર્મચારીઓને પણ મંત્રીએ અભિનંદન પાઠવ્યા હતા.

ધો. ૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષાઓનો પ્રારંભ થઈ ચૂક્યો છે. શાળાઓમાં ફાળવેલા કેન્દ્ર ખાતે વિદ્યાર્થીઓ બોર્ડની પરીક્ષા આપવા સવારથી જ ઉમટી પડે છે. શ્રી જે.એમ. ચૌધરી સાર્વજનિક વિદ્યાલય ખાતે પરીક્ષા આપવા આવનાર વિદ્યાર્થીઓને શુભેચ્છાઓ આપવા શિક્ષણ રાજ્યમંત્રી કિર્તિસિંહ વાઘેલા ઉપસ્થિત રહ્યા હતા. તેઓએ વિદ્યાર્થીઓને ગુલાબનું ફૂલ, સાકર તેમજ ચોકલેટ આપીને વધાવ્યા હતા.